For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

રાજ્ય સરકારે મૂકેલા પ્રતિબંધને પગલે સુરત મનપાનો આરોગ્ય વિભાગ અચાનક જાગ્યો

# સુરતમાં 235 કિલો એનાલોગ પ્રોડક્ટ પકડાઈ

**અઠવા**, રાંદેર અને ઉધના ઝોન-એના વિસ્તારોમાં 14 જેટલી સંસ્થામાંથી એનાલોગ પનીર, ચીઝ, બટરનો જથ્થો પકડાયો

**દરેક** ઝોનમાં તપાસ માટે મનપા દ્વારા 3થી 4 ટીમ બનાવવામાં આવી, ઝુંબેશ સતત ચાલુ રહેશેઃ ફૂડ સેફ્ટી ઓફિસર

સુરતઃ રાજ્યમાં એનાલોગ પનીર, ચીઝ અને બટર પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આજથી રાજ્યભરમાં શરૂ કરાયેલા દરોડામાં સુરતમાં પણ મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગની ત્રણ ટીમે અઠવા, રાંદેર અને ઉધના ઝોન-એ વિસ્તારમાં દરોડા પાડ્યા હતા. આ દરોડામાં એનાલોગ પનીર, એનાલોગ ચીઝ

...અનુસંધાન પાના 5 પર



### કઈ કઈ સંસ્થાઓમાં દરોડામાં ચેકિંગ કરાયું

- ડી-3 ડેલિસિયસ ડેરી ડીલાઈટઃ વેસ્ટ સાઈટ બેઝમેન્ટ, શિવકુટીર, ઘોડદોડ રોડ
- હેન્સી એન્ટરપ્રાઈઝઃ અઠવા
- ભારકેશ ટ્રેડર્સઃ અંબાનગર, અઠવા
- નાકોડા ડેરી પ્રોડક્ટઃ સીટીલાઈટ
- ખન્ના ટ્રેડર્સઃ રૂપાલી નહેર, સીટીલાઈટ
- યશ ડેરી પ્રોડક્ટઃ સરસાણા ગામ, અઠવા
- જય ગાયત્રી ડેરી પ્રોડક્ટઃ પરમાનંદ ઈન્ડ, ખટોદરા
- ડિવેડા ડેરીઃ એ-21/14-એ, ઉધના ઉધોગનગર, ઉધના
- અમૃત મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટઃ બમરોલી
- વિકાસ પનીર સેન્ટરઃગોવર્ધન નગર, બમરોલી
- હિંગળાજ પનીર સેન્ટરઃ ગોપાલ નગર, ઉધના
- સિટી સેલ્સ એજન્સીઃ ઓમ કોમ્પલેક્ષ, બમરોલી
- શ્રી બજરંગ ડેરીઃ સરોજ પાર્ક એપાર્ટ., અડાજણ રોડ
- બાલાજી પનીર સપ્લાયરઃ તાડવાડી રાંદેર રોડ

## એનાલોગ પરનો પ્રતિબંધ અસલી પનીર, ચીઝ, બટરના ભાવો વધારશે

**ખાણીપીણીની** લારીઓ અને રેસ્ટોરન્ટમાં પનીરની આઈટમો મોંઘી થઈ જશે

**કેટરિંગના** વ્યવસાયમાં પણ મેનુ પનીરની આઈટમના સમાવેશ સાથે ડિશનો ભાવ વધી જવાની સંભાવના

સુરતઃ સરકાર દ્વારા મુકાયેલો પ્રતિબંધ અને સુરત મહાપાલિકા દ્વારા શરૂ કરાયેલા એનાલોગ પનીર, ચીઝ અને બટર વેચતી સંસ્થાઓ પર દરોડાને કારણે હવે શહેરમાં પનીર, ચીઝ અને બટરના ભાવો વધી જશે તેવું મનાઈ રહ્યું છે. સાથે સાથે કેટરિંગમાં પણ પનીરની આઈટમો મોંઘી થાય તેવી શક્યતા જણાવાઈ રહી છે.

કેટરિંગનો વ્યવસાય કરતાં કિરીટભાઈએ જણાવ્યું હતું કે, અમે તો એનાલોગ પનીર, ચીઝ કે બટરનો વપરાશ કરતાં નથી પરંતુ તેના પર પ્રતિબંધને કારણે જે લોકો એનાલોગનો ઉપયોગ કરતાં હતા તેઓ પણ હવે અસલી પનીર, ચીઝ અને બટરનો ઉપયોગ કરશે.

જેને કારણે માંગ વધશે અને આ સંજોગોમાં ભાવો વધવાની સંભાવના છે. સાથે સાથે ખાણી-પીણીની લારીઓ તેમજ રેસ્ટોરન્ટમાં પણ પનીરને લગતી આઈટમોના ભાવોમાં વધારો જોવા મળે તેવી સંભાવના છે.

# પલસાણામાંથી ૪ કરોડથી વધુના પોસડોડા ઝડપાયા

**ચોખાની** પાપડીની આડમાં માદક પદાર્થ ઘુસાડવામાં આવતો હતો

**સુરત** ગ્રામ્ય એલસીબીએ ડ્રાઇવરને ઝડપી લીધો

પલસાણા : સુરત ગ્રામ્ય એલસીબી દ્વારા ડ્રગ્સની હેરાફેરી કરતા આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મુંબઈ-દિલ્હી નેશનલ એક્સપ્રેસ-વે પરથી એક આઈશર ટ્રકમાં ચોખાની પાપડીની આડમાં સંતાડીને લઈ જવાતો ૨૫૦૨ કિલોથી વધુનો પ્રતિબંધિત માદક પદાર્થ 'પોસડોડા'નો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે ડ્રગ્સ અને વાહન સહિત કુલ ૪ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી છે.

પોલીસને ખાનગી બાતમી મળી હતી કે એક આઈશર ટ્રકમાં ગેરકાયદેસર રીતે પોસડોડાનો જથ્થો છુપાવીને મુંબઈથી દિલ્હી જતા નેશનલ એક્સપ્રેસ-વે નંબર-

...અનુસંધાન પાના 5 પર

### ડ્રાઈવરને એક ટ્રીપના ૭૦ હજાર આપવાના હતા

પોલીસથી બચવા માટે આ નેટવર્કના સાગરીતો મધ્યપ્રદેશથી નીકળી મહારાષ્ટ્રના નવાપુર થઈને ગુજરાતમાં પ્રવેશ્યા હતા અને એક્સપ્રેસ-વે મારફતે રાજસ્થાન જવાની ફિરાકમાં હતા. પોલીસના હાથે ઝડપાયેલા ડ્રાઇવર સુનીલ ભવરલાલ બિશ્નોઈએ કબૂલાત કરી હતી કે તેને એક ટ્રીપ માટેના ૭૦ હજાર રૂપિયા મળવાના હતાં.




સુરતમાં આવતા અઠવાડિયાથી ફરી વરસાદી માહોલની સંભાવના

# 8મી ઓગસ્ટે યલો એલર્ટ, રાજસ્થાનની લો પ્રેશર સિસ્ટમની અસર દક્ષિણ ગુજરાત સુધી થશે

12 ઓગસ્ટ બાદ વરસાદની વધુ એક સિસ્ટમ સક્રિય થઈ શકે

સુરતઃ શહેર અને જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદે વિરામ લીધો છે, પરંતુ હવામાન વિભાગના અનુમાન મુજબ આ વિરામ લાંબો રહે તેવી શક્યતા નથી. આવતાં અઠવાડિયાથી ફરી વરસાદી વાતાવરણ સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. 8 ઓગસ્ટ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજસ્થાન ઉપર સક્રિય થયેલી લો પ્રેશર સિસ્ટમની અસર દક્ષિણ ગુજરાત સુધી પહોંચવાની શક્યતા હોવાથી વાદળછાયું વાતાવરણ અને હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે.

જોકે, હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ હાલની લો પ્રેશર સિસ્ટમના કારણે સુરત જિલ્લામાં ભારે વરસાદની કોઈ ખાસ સંભાવના નથી. તેમ છતાં આ સિસ્ટમના પ્રભાવથી વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધશે અને કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયાં વરસાદી ઝાપટાં પડી શકે છે. હવામાન વિભાગના અનુમાન મુજબ 12 ઓગસ્ટ બાદ બંગાળની ખાડી તરફ નવી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે. જો આ સિસ્ટમ અનુકૂળ દિશામાં આગળ વધશે તો દક્ષિણ ગુજરાત સહિત સુરત જિલ્લામાં ફરી સારો વરસાદ નોંધાઈ શકે છે. જોકે, આગામી દિવસોમાં આ સિસ્ટમની સ્થિતિ અને ગતિના આધારે વરસાદની તીવ્રતા અંગે વધુ સ્પષ્ટતા થશે. વરસાદના વિરામ વચ્ચે શહેરમાં ગરમી અને ઉકળાટમાં ફરી વધારો અનુભવાયો હતો. ગુરુવારે શહેરનું મહત્તમ તાપમાન 32 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 26.6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું, જે અગાઉની સરખામણીએ અડધો ડિગ્રી ઓછું હતું. વાતાવરણમાં 73 ટકા ભેજ નોંધાતાં દિવસભર ઉકળાટનો અનુભવ થયો હતો. આ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 8 કિલોમીટરની ઝડપે પવન ફુંકાયો હતો. ભેજનું ઊંચું પ્રમાણ અને વાદળછાયું વાતાવરણને કારણે આગામી દિવસોમાં ગરમી અને ઉકળાટ યથાવત રહેવાની શક્યતા છે.

## ઉકાઈ ડેમની જળસપાટી રૂલ લેવલની નજીક 334.66 ફૂટ

**રૂલ** લેવલ 335 ફૂટ, ઉપરવાસમાં વરસાદનો વિરામ છતાં 37 હજાર ક્યુસેક આવક યથાવત

સુરતઃ ઉકાઈ ડેમના ઉપરવાસ વિસ્તારમાં ભારે વરસાદે હાલ વિરામ લીધો છે. જો કે છૂટાછવાયા વિસ્તારોમાં પડી રહેલા વરસાદના કારણે ડેમમાં પાણીની આવક ધીમી ગતિએ યથાવત રહી છે. હાલ ઉકાઈ ડેમમાં અંદાજે 37 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે.
ઉકાઈ ડેમની જળસપાટી હાલમાં 334.66 ફૂટ સુધી પહોંચી છે. ડેમનું રૂલ લેવલ 335 ફૂટ જાળવી રાખવાના હેતુથી તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે 23 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. પાણીનો નિકાલ ડેમના હાઈડ્રો પાવર હાઉસના ચાર યુનિટ તેમજ એક કેનાલ મારફતે કરવામાં આવી રહ્યો છે. વિભાગ દ્વારા ડેમની જળસપાટી અને ઉપરવાસમાંથી થઈ રહેલી પાણીની આવક પર સતત નજર રાખવામાં આવી રહી છે. આગામી દિવસોમાં ઉપરવાસમાં વરસાદની સ્થિતિને આધારે પાણીના આવક-જાવકમાં ફેરફાર થઈ શકે છે. હાલની સ્થિતિમાં ડેમનું રૂલ લેવલ જાળવી રાખવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

# કોર્પોરેટરો વચ્ચેની મારામારી મુદ્દે પ્રશાંત કોરાટ મીડિયાથી ભાગ્યા!

**સવાલો** પુછાયા તો પ્રશાંત કોરાટે કારના કાચ ચડાવી દીધા અને પછી વાત કરવાનું કહી જતાં રહ્યા

સુરત : ટીપી સમિતિના ચેરમેન મહેન્દ્ર દેસાઈ અને મહિલા કોર્પોરેટર જયશ્રી વોરા તેમજ તેમના પતિ મનહર વોરા વચ્ચે કથિત મારામારીના વિવાદે શહેર ભાજપને રાજકીય રીતે અસ્વસ્થ કરી દીધું છે. ઘટનાના પગલે સુરત આવેલા સંગઠન પ્રભારી પ્રશાંત કોરાટે આખો દિવસ બેઠકોનો દોર તો ચલાવ્યો, પરંતુ મહિલા કોર્પોરેટર પર થયેલા કથિત હુમલા અંગે એક પણ સ્પષ્ટ શબ્દ બોલવાનું ટાળતાં અનેક સવાલો ઊભા થયા છે.

ભાજપ દ્વારા સતત મહિલા

...અનુસંધાન પાના 5 પર

### શહેર પ્રમુખની ગેરહાજરીમાં ખજાનચી સાથે બંધ બારણે મીટિંગ થતાં હિસાબો ચકાસાયાની ચર્ચા

સામાન્ય રીતે શહેરના પ્રભારી સચિવ જ્યારે આવે ત્યારે શહેર પ્રમુખ સહિત સંગઠનના હોદ્દેદારો સાથે મીટિંગ કરતા હોય છે, જો કે આજે સુરત આવેલા પ્રભારી સચિવ પ્રશાંત કોરાટે શહેર પ્રમુખ પરેશ પટેલની ગેરહાજરીમાં એકલા ખજાનચી શૈલેષ જરીવાલા સાથે બંધ બારણે મીટિંગ કરી હતી. આવું ક્યારેય થતું નથી. જેથી ખજાનચી સાથે પ્રભારીની બંધ બારણે થયેલી ચર્ચાના પગલે પહેલી વખત હિસાબોની ચકાસણી કરવામાં આવી હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યું હતું.

### વોરા-દેસાઇને પ્રભારીએ બોલાવ્યા, વોર્ડ નંબર 5ના 30થી વધુ કાર્યકરોએ સામ-સામે રજૂઆત કરી

આજે સુરત આવેલા પ્રભારી સચિવ પ્રશાંત કોરાટે વોર્ડ નં.5ના નગર સેવકો જયશ્રી વોરા અને તેના પતિ મનહર વોરા તેમજ મહેન્દ્ર દેસાઇને બોલાવ્યા હતા અને બન્નેની રજુઆતો સાંભળી હોવાની ચર્ચા છે. જો કે આ દરમિયાન વોર્ડ નંબર 5ના 30 થી વધુ કાર્યકરોએ પણ પ્રસાંત કોરાટને મળીને વિરોધ તેમજ તરફેણમાં રજુઆત કરી હોવાનુ સાંભળવા મળે છે. રજુઆતમાં બન્ને તરફે ભુતકાળમાં થયેલી તોડબાજીના રાજ પણ ખોલાયા હોવાની ચર્ચા છે.

### મારમારી તો થઇ જ હતી, કેમ કે સારવાર કરનાર ડોક્ટર કહે છે કે મૂઢમાર વાગેલો હતો

મારામારી પ્રકરણમાં મહિલા કોર્પોરેટર જયશ્રી વોરા અને પતિ મનહર વોરાને ગંભીર ઇજા થઇ હોવાનો આક્ષેપ થયો હતો. આંગળી અને હાથમાં ફ્રેક્ચર થયાનનુ આ દંપતિઓ મીડીયા સમક્ષ જણાવ્યું હતુ. આ વાત ખોટી છે એ સાબિત કરવા માટે મહેન્દ્ર દેસાઇએ સારવાર કરનાર ડોક્ટર સાથે વાત કરી તેની ઓડિયો ક્લિપ વાઇરલ થઇ હતી. તેમાં ડોક્ટર કહે છે કે ફ્રેક્ચર તો નથી પરંતુ જયશ્રીબહેનને આંગળીમાં ઇજા છે અને મનહરભાઇને અંગુઠામાં વાગેલુંછે. મુઢમાર વાગ્યો હોય તેવુંજણાય છે. વિડીયોમાં મારામારી નહી માત્ર બોલાચાલી

...અનુસંધાન પાના 5 પર

# સુરતમાં પાણી ઓસરતા જ રોગચાળાએ માથું ઊંચક્યું

**સિવિલ**-સ્મીમેરમાં બે મહિનામાં 1,793 દર્દી નોંધાયા, તાવ-ગેસ્ટ્રો અને મેલેરિયાના કેસમાં ચિંતાજનક વધારો

**ખાનગી** હોસ્પિટલ્સ અને ક્લિનિકનો આંકડો હજી વધારે હોઈ શકે

સુરતઃ શહેરમાં સતત વરસાદ અને ત્રણ વખત આવેલા પૂર બાદ હજુ અનેક વિસ્તારોમાં પાણી સંપૂર્ણપણે ઓસર્યું નથી. આવી સ્થિતિમાં પાણીજન્ય અને ચેપી રોગચાળાએ માથું ઊંચક્યું છે. છેલ્લા બે મહિનામાં માત્ર નવી સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલમાં વિવિધ રોગોના કુલ 1,793 દર્દી નોંધાતા આરોગ્ય વિભાગ માટે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. ખાનગી હોસ્પિટલોના આંકડા સામેલ કરવામાં આવે તો દર્દીઓની સંખ્યા હજારોમાં પહોંચી શકે છે.

આંકડા મુજબ જૂન મહિનામાં વિવિધ રોગોના 714 દર્દી નોંધાયા હતા, જ્યારે જુલાઈમાં આ સંખ્યા વધીને 1,079 થઈ ગઈ હતી. એટલે કે માત્ર એક મહિનામાં દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે, જે શહેરમાં રોગચાળાના વધતા જોખમ તરફ ઈશારો કરે છે. સૌથી વધુ તાવના 459 દર્દી નોંધાયા છે. જૂનમાં 137 દર્દી સામે જુલાઈમાં

...અનુસંધાન પાના 5 પર

### નવી સિવિલ અને સ્મીમેર હોસ્પિટલમાં બે મહિનામાં નોંધાયેલા દર્દીઓની સંખ્યા

| બીમારી | જૂન | જુલાઈ | કુલ |
|---|---|---|---|
| ડેન્ગ્યુ | 38 | 68 | 106 |
| મેલેરિયા | 140 | 196 | 336 |
| ગેસ્ટ્રો | 157 | 238 | 395 |
| કમળો | 100 | 104 | 204 |
| ટાયફોઈડ | 142 | 151 | 293 |
| તાવ | 137 | 322 | 459 |
| **કુલ** | **714** | **1079** | **1793** |

## લસકાણામાં લિફ્ટ પડતાં શ્રમિક યુવકનું કચડાઈ જતાં મોત

સુરતઃ શહેરના સરથાણા વિસ્તારમાં આવેલા લસકાણા ખોલવા રોડ પર સિદ્ધિવિનાયક ઈન્ડસ્ટ્રીઝમાં આવેલા ઓપેરા પેલેસ ખાતે બિલ્ડિંગનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું. આ બાંધકામ દરમિયાન સવારે આશરે 11:45 વાગ્યાના સુમારે એક શ્રમિક યુવક માલસામાન લઈને લિફ્ટ મારફતે ચોથા માળેથી નીચે આવી રહ્યો હતો. તે જ સમયે અચાનક લિફ્ટનો વાયર તૂટી પડતાં લિફ્ટ ધડાકાભેર નીચે પટકાઈ હતી. લિફ્ટ નીચે ખાબકતાં યુવકનું મોઢું અને બંને હાથ લિફ્ટની બહાર રહી ગયા હતા, જ્યારે શરીરનો બાકીનો ભાગ લિફ્ટની નીચે કચડાઈ જતાં યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત

...અનુસંધાન પાના 5 પર

# વનિતા વિશ્રામ કોલેજ જતી વિદ્યાર્થિનીને ટેમ્પો ચાલકે અડફેટે લેતાં કરુણ મોત

**નવી** સિવિલની સામે બ્રિજ ચડતી વખતે અજાણ્યા ટેમ્પો ચાલકે મોપેડને ટક્કર મારી હતી

**રક્ષાબંધન** પહેલાં પરિવારની એકની એક દીકરીનું મોત

સુરતઃ વનિતા વિશ્રામ કોલેજ જતી એલ.એચ રોડની વિધાર્થિનીને અજાણ્યા ટેમ્પોચાલકે અડફેટે લેતાં મોત થયું હતું. નવી સિવિલ હોસ્પિટલની સામે બ્રિજ ચડતી વખતે અજાણ્યા ટેમ્પોચાલકે સ્નેહાની ઈલેક્ટ્રિક મોપેડને ટક્કર મારી હતી.

મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના બેલાગામના વતની પ્રકાશભાઈ ધોરી હાલમાં લંબે હનુમાન રોડ પર આવેલી નવજીવન સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. તેઓ એમ્બ્રોડરીનો કારખાનું ધરાવે છે. પ્રકાશભાઈના સંતાન પૈકી 23 વર્ષીય પુત્રી સ્નેહા વનિતા વિશ્રામ કોલેજના બીજા વર્ષમાં સાયકોલોજી થેરાપીનો અભ્યાસ કરતી હતી. સ્નેહા આજે સવારે ઈલેક્ટ્રિક મોપેડ લઈને ઘરેથી કોલેજ જવા નીકળી હતી. દરમિયાન મજુરા ગેટ પાસે નવી સિવિલ હોસ્પિટલની સામે બ્રિજ ચડતી વખતે અજાણ્યા ટેમ્પોચાલકે સ્નેહાની મોપેડને અડફેટે લીધી હતી. ગંભીર અકસ્માત બાદ ટેમ્પોચાલક સ્થળ પરથી ભાગી ગયો હતો અને લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. સ્નેહાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ તેને સારવાર મળે તે પહેલા જ તેનું મોત થયું હતું. બનાવને પગલે ખટોદરા પોલીસે અજાણ્યા ટેમ્પો ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રક્ષાબંધન પહેલાં પરીવારની એકની એક દિકરીનું મોત થતાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.


ધનગર અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે મારી પત્ની / માતા **કમળાબેન કાંતિભાઈ ધનગર** નું દુઃખદ અવસાન તા. ૦૫/૦૮/૨૦૨૬ ને બુધવારના રોજ થયેલ છે. પ્રભુ એમના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

સ્વ. કમળાબેન કાંતિભાઈ ધનગર
જન્મ તા. ૦૧/૦૬/૧૯૪૬
સ્વ. તા. ૦૫/૦૮/૨૦૨૬

સદ્‌ગતનું બેસણું : તા. ૦૯/૦૮/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૧૧ થી ૧ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
નિવાસ સ્થાન : બી-૪૩, શુક્રુત બંગલો, પાલ ઉમરા બ્રિજ પાસે, નયારા પેટ્રોલ પંપની ગલીમાં પાલ, સુરત.

લિ. શોકાતુર
ડો. કાંતિભાઈ ઝવેરભાઈ ધનગર (નિવૃત્ત પ્રિન્સીપાલ જીવનભારતી, સુરત)
ડો. કલ્પેશ કે. ધનગર (પુત્ર) | ડો. વંદના કે ધનગર (પુત્રવધુ)
પલક, ભક્તિ, યક્ષ (પૌત્રી-પૌત્ર)
જાગૃતિબેન આર ધનગર (પુત્રી) | રાજુભાઈ જી. ધનગર (જમાઈ)
સ્વ. દર્શનાબેન એમ. ધનગર (પુત્રી) | મુકેશભાઈ બી. ધનગર (જમાઈ)
પિન્કીબેન એસ. ધનગર (પુત્રી) | સતીશભાઈ એ. ધનગર (જમાઈ)
નીલ, મીત, ધ્રુવિ, સંજના, મનસ્વી (પૌત્ર-પૌત્રી)
સ્વ. ડાહ્યાભાઈ ઝેડ. ધનગર (જેઠ) | સ્વ. ભગવતીબેન ડી. ધનગર (જેઠાણી)
ગણપતભાઈ ઝેડ. ધનગર (દિયર) | રમીલાબેન જી. ધનગર (દેરાણી)
સ્વ. હેમંતભાઈ ડી. ધનગર (ભત્રીજા) | ગં.સ્વ. રેખાબેન એમ. ધનગર (ભત્રીજા વહુ)
જયેશભાઈ ડી. ધનગર (ભત્રીજા) | હિનાબેન જે. ધનગર (ભત્રીજા વહુ)
મયુર ગણપતભાઈ ધનગર (ભત્રીજા)
પૌત્ર - પૌત્રવધુ : તશેક્ષ, શેન્હાલી, સ્વપ્નીલ, વિશ્વા



લેઉઆ પાટીદાર અવસાન (પુણાગામ)



અત્યંત દીલગીરી સહ જણાવવાનું કે અમારા પતિ/પિતાશ્રી **ભુલાભાઈ જીવણભાઈ પટેલ**નું તા.૦૬/૦૮/૨૦૨૬ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. ભુલાભાઈ જીવણભાઈ પટેલ
સ્વ.તા.૦૬/૦૮/૨૦૨૬ ગુરૂવાર

-: સદ્‌ગતની સ્મશાનયાત્રા :-
તા.૦૮/૦૮/૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અમારા નિવાસસ્થાનેથી નીકળશે.

-: સદ્‌ગતની સંયુક્ત પ્રાર્થનાસભા :-
તા.૧૦/૦૮/૨૦૨૬ ને સોમવારના રોજ સવારે ૯:૩૦ કલાકે લેઉઆ પાટીદાર સમાજની વાડી, પુણાગામ મુકામે રાખેલ છે.
(લૌકિક રિવાજ સદંતર બંધ છે.)


શ્વસુરપક્ષ
ભુલાભાઈ બાબુભાઈ દેસાઈ
નીતીનભાઈ મગનભાઈ દેસાઈ
હરીશભાઈ ભગુભાઈ દેસાઈ
રોહીતભાઈ ભગુભાઈ દેસાઈ
મુ.પો. દિગસ તા.કામરેજ, સુરત.

લિ. ગં.સ્વ. રમીલાબેન ભુલાભાઈ પટેલ (પત્ની)
કમલેશભાઈ ભુલાભાઈ પટેલ (પુત્ર)
મમતાબેન કમલેશભાઈ પટેલ (પુત્રવધુ)
સંદીપભાઈ ભુલાભાઈ પટેલ (પુત્ર)
મીનાબેન સંદીપભાઈ પટેલ (પુત્રવધુ)
પારૂલબેન પ્રકાશભાઈ પટેલ (પુત્રી)
પ્રકાશભાઈ મનુભાઈ પટેલ (જમાઈ)
એની, શાલુ (પૌત્રી)
રાજ, કીશન (પૌત્ર)
કુમારી, સીતારા (દોહિત્રી)

નિવાસસ્થાન : કોયલ ફળિયું, પુણાગામ, સુરત.



ભાવાંજલિ



સ્વ. કાંતિલાલ ખુશાલદાસ જરીવાલા (ચીકુસવાલા)
સ્વ. તા.૦૭-૦૮-૨૦૨૦

સ્વભાવે ખૂબ શાંત, શૈલીએ ખૂબ સરળ વિચારે ખૂબ વિશાળ એ આપના સફળ જીવનની શોભા હતી અને પરિવાર માટે પ્રેરણા હતી... આજે બધું જ છે પણ આપ અમારી વચ્ચે નથી એ દુઃખ સાથે પુરો પરિવાર છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે આપને વંદન કરે છે... આપ જ્યાં હો ત્યાં પ્રસન્ન રહો એવી અમારા સૌની પ્રાર્થના.

ગં.સ્વ. દમયંતીબેન કાંતિલાલ જરીવાલા
વિજય કાંતિલાલ જરીવાલા | સુધા વિજય જરીવાલા
કુંદન કાંતિલાલ જરીવાલા | રેણુકા કુંદન જરીવાલા
હિતેષ કાંતિલાલ જરીવાલા | હેમા હિતેષ જરીવાલા
અનિલ કાંતિલાલ જરીવાલા | હીના અનિલ જરીવાલા
અમીષ વિજયકુમાર જરીવાલા | રોશની અમીષ જરીવાલા
અંકુર કુંદનકુમાર જરીવાલા | ખ્યાતી અંકુર જરીવાલા
શિવાંગ કુંદનકુમાર જરીવાલા | આરોહી શિવાંગ જરીવાલા
ઉર્મિશ હિતેષકુમાર જરીવાલા | સ્નેહા ઉર્મિશ જરીવાલા
ચિરાગ અનિલકુમાર જરીવાલા | ઝીલ ચિરાગ જરીવાલા
જયનીલ, ધીર, દિશા, યુગ, શૌર્ય, અબીર, વીર | પ્રાર્થના સહ સમસ્ત ચીકુસવાલા પરિવાર
NARMADA SILK INDUSTRIES PVT. LTD.



ભાવભીની શ્રદ્ધાંજલિ (ખિરાજે અકીદત)



મરહુમ. અબ્દુલરહીમ એમ. શેખ
(નિવૃત્ત કાર્યપાલક ઈજનેર સિંચાઈ વિભાગ, ગુજરાત સરકાર)
જન્મ. તા. ૨૭-૦૮-૧૯૪૪
જન્નતનશીનઃ તા. ૦૨-૦૭-૨૦૨૬

અમારા પતિ/ પિતાશ્રીના અવસાનથી પરિવારને ન પુરી શકાય તેવી ખોટ પડી છે. તેમનાં પ્રેમ, સ્નેહ, માર્ગદર્શન અને સંસ્કારો જીવનમાં સદાય પ્રેરણારૂપ રહેશે. તેઓ ભલે અમારી વચ્ચે નથી રહ્યાં. પરંતુ તેમની અવિસ્મરીય યાદો અને આશિર્વાદ સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે. મરહુમની સવા માસની કુર્આન ખ્વાની ની મજલિસ તથા બેસણું અમારા પાટણ (ઉત્તર ગુજરાત) ખાતેના નિવાસ સ્થાને તા.૦૯/૦૮ /૨૦૨૬ રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી બપોરના ૧.૩૦ કલાક દરમ્યાન રાખેલ છે. પરમકૃપાળુ અલ્લાહ/ઈશ્વર તેમને જન્નતુલ ફિરદોસમાં આલા મકામ અતા કરે એવી દિલથી દુઆ....

:: સભ્યોશ્રી ::
સાબેરા અબ્દુલરહીમ શેખ (પત્ની)
મોહસીન અબ્દુલરહીમ કાગઝી (પુત્ર) (ડેપ્યુટી ઈજનેર, SMC, સુરત)
મોબાઈલ નં. (૯૮૨૫૧૮૭૧૭૫)
શબાના સુફ્યાન શેખ- (પુત્રી) રિયાધ; (સાઉદી અરેબીયા)
માહેરા અનીસ અહમદ શેખ- (પુત્રી) લેસ્ટર (યુકે)
૧૧/૧૪૦૫, નાણાવટ, જાગીરદારનો ટેકરો, સુરત



CANNY COVERAGE PACKAGING PVT. LTD.
Canny Coverage PACKAGINGS PVT. LTD. Since 1992

અશ્રુભીની શ્રદ્ધાંજલિ



Mr. Rahul Parkhe
06/08/2026
MAY HIS SOUL REST IN PEACE.
-RUPIN DALAL AND TEAM CANNY COVERAGE